**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ**

**Date: 04-11-2024 MIDDAY : 2.30 to 2.35pm**

**Day : MONDAY Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા**

**પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.**

---

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

**4 FINANCE COMMISSION**

રાજ્યના નાણાપંચના અધ્યક્ષની જાહેરાત કરવામાં આવી છે.. રાજ્યના ચોથા નાણાપંચના અધ્યક્ષ તરીકે યમલ વ્યાસની નિમણૂંક કરવામાં આવી છે.. યમલ વ્યાસ ભાજપના ગુજરાત પ્રદેશના પ્રવક્તાની જવાબદારી નિભાવે છે. રાજ્યપાલ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. પંચાયત ધારા, 1993 અનુસાર આ નિમણૂંક કરાઇ છે.

-----------------------------------

**CM – BHAVNAGAR**

ભાવનગરથી 15 કિલોમીટર દૂર આવેલી કોબડી સર્વેશ્વર ગૌ ધામ ખાતે ગૌગોષ્ઠી કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યાં હતા..

કેન્દ્રિય રાજયમંત્રી નિમુબેન બાંભણીયા, ધારાસભ્ય જીતુ વાઘાણી તેમજ ઉદ્યોગપતિઓની ઉપસ્થિતીમાં આ કાર્યક્રમ યોજાયો હતો... સર્વેશ્વર ગૌ ધામમાં ગૌવંશની સેવા થાય છે.. આ સંસ્થા ખાતે અપંગ, બિમાર અને તરછોડી દેવાયેલી ગાયો અને બળદોને રાખવામાં આવે છે. તમામ પશુઓની સારવાર કરવામાં આવે છે. અહીં પશુ હોસ્પિટલ પણ કાર્યરત છે. રોજના હજારો કબુતરો અને ચકલીઓને

ચણ આપવામાં આવે છે. અબોલ ગૌવંશની સેવા કરતી સર્વેશ્વર ગૌધામ ખાતે આજે ઉદ્યોગપતિઓએ લાખો રૂપિયાના દાનની સરવાણીનો ધોધ વહાવ્યો છે.

આ પ્રસંગે મુખ્મયંત્રીએ પણ ઉપસ્થિત રહીને ગૌ સેવાનુ કાર્ય કર્યુ હતું અને ઉપસ્થિત સૌને ગૌ સેવા કરવા માટે મુખ્યમંત્રીએ અનુરોધ કરતાં કોબડી સર્વેશ્વર ગૌ ધામ ખાતે થતી સેવાની પ્રવૃત્તિને બિરદાવી હતી.

---------

**DIWALI FIRE CALL**

દિવાળીથી લઈ બેસતુ વર્ષ એમ ત્રણ દિવસ અમદાવાદ અગ્નિશમન દળને આગના બનાવના સૌથી વધુ 164 કૉલ મળ્યા હોવાના અહેવાલ છે.

અમદાવાદના અમારા પ્રતિનિધિ આશિષ પંચાલ જણાવે છે કે છેલ્લા એક અઠવાડિયામાં આગ લાગવાના 205 બનાવ બન્યા છે. આમાંથી દિવાળીની રાત્રે સૌથી વધારે 80 જેટલા નાના-મોટા આગના બનાવ બન્યા હતા.

શહેરના મિરઝાપુર વિસ્તારમાં આવેલી કબાડી બજારમાં સૌથી મોટી આગ લાગતાં 20થી વધુ અગ્નિશમન દળની ગાડી અને 100 જેટલા કર્મચારીઓએ પાંચથી છ કલાકે આગને કાબૂમાં લીધી હતી.

.................

**DIWALI VACATION BHEED**

દિવાળીની રજાઓને પગલે કચ્છ, મહેસાણા સહિત રાજ્યના તમામ પ્રવાસન અને ધાર્મિક સ્થળોએ લોકોની ભીડ જોવા મળી રહી છે. કચ્છના સફેદ રણ, વૈશ્વિક ધરોહર ધોળાવીરા, ભુજમાં આવેલા પ્રાગમહલ, કચ્છ સંગ્રહાલય, આઈના મહલ, સ્મૃતિવન તેમજ સ્વામિનારાયણ મંદિર સહિતના સ્થળો પર પ્રવાસીઓ ઉમટી રહ્યા છે. જ્યારે સરહદી તાલુકા લખપતના કિલ્લા અને પ્રસિદ્ધ યાત્રાધામો માતાના મઢ, નારાયણ સરોવર-કોટેશ્વર મંદિર અને હાજીપીર ખાતે ભક્તોની ભીડ જોવા મળી રહી છે.

મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, યાત્રાધામ બહુચરાજીમાં ગત ત્રણ દિવસથી મંદિરમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું છે. બીજી તરફ ઊંઝા ખેતાવાડી ઉત્પન્ન બજાર સમિતિ – APMC ખાતે યોજાયેલા સ્નેહમિલન સમારોહમાં ખેડૂતો, વેપારીઓ અને સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જોકે, હવે લાભ પાંચમના દિવસે વેપારીઓ શુભ મુહૂર્ત કરી ધંધા-વેપાર ફરી શરૂ કરશે.

----------------

**DAMAN GHOR NRUTYA**

કેન્દ્રશાસિત પ્રદેશ દમણના અનેક વિસ્તારમાં દિવાળીથી લાભ પાંચમ સુધી યુવાનો પરંપરાગત વેશભૂષા સાથે ઘોર નૃત્ય રમે છે. દમણના અમારા પ્રતિનિધિ પ્રદિપ ભાવસાર જણાવે છે કે, પોર્ટુગીઝ શાસનથી દમણ કઈ રીતે આઝાદ થયું તે ઘોર નૃત્યની મદદથી જણાવવામાં આવે છે. યુવાનો જેના ઘરે ઘોર રમવા જાય છે. તેઓ તેમનું ફૂલમાળા અને ચાંદલાથી સ્વાગત કરે છે. આ અંગે એક અગ્રણી હિતેન બારીએ પ્રતિક્રિયા આપી હતી.

**(ઑડિયો- હિતેન બારી, અગ્રણી- સોપાની માતા મંડળ)**

-------------------------

**AMRELI BALAK MOT**

અમરેલી જિલ્લામાં ગાડીમાં ગૂંગળાઈ જવાથી એક જ પરિવારના ચાર બાળકના મોત નીપજ્યા છે. અમરેલી જિલ્લાના અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે કે, અમરેલી તાલુકાના રાંઢિયા ગામમાં બાળકો રમતી વખતે કારમાં બેસી ગયા હતા. ત્યારબાદ કાર લૉક થઈ જતાં ચારેય બાળકોના ગૂંગળાઈ જવાથી મોત નીપજ્યા હતા.

નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈએ જણાવ્યું હતું કે, 2 નવેમ્બરે મૃતક બાળકોના માતાપિતા કામ પર ગયા હતા. દરમિયાન આ બનાવ બન્યો હતો. તાલુકા પોલીસ આ અંગે તપાસ કરી રહી છે.

----------------------------

**DANG SAMUHIK CHINTAN**

ડાંગ જિલ્લામાં અધિકારીઓ લોકોના પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવી શકે તે દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ડાંગના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે, વલસાડ-ડાંગના સાંસદ ધવલ પટેલે સાપુતારા ખાતે એક બેઠક યોજી હતી, જેમાં ઉચ્ચ અધિકારીઓ સાથે સામૂહિક ચિંતન કરવામાં આવ્યું હતું.

સાંસદ ધવલ પટેલે જણાવ્યું હતું કે, ગિરિમથક સાપુતારા ખાતે સ્થાનિક આદિવાસી સંસ્કૃતિ માણવા આવતા પ્રવાસીઓની મુલાકાતને યાદગાર અને આનંદપ્રદ બનાવવા મટે તમામ પ્રયાસ કરાયા છે.

--------------